BUSINESS મિત્ર

અમેરિકન બજારો વિક્રમી ઉંચાઇએ, હવે સેન્સેક્સ-નિફ્ટીનો વારો

હોર્મુઝ સ્ટ્રેટ ખુલી જતા ક્રુડ ઓઇલના ભાવમાં 12 ટકાનો ઘટાડો થતા શેરબજારો ઉછળ્યા

ઐતિહાસિક સપાટીએથી સેન્સેક્સ 8 ટકા અને નિફ્ટી 7 ટકા દૂર

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 18: ગઇકાલે હોર્મુઝ સ્ટ્રેટ ખુલી જવાના અહેવાલના પગલે ક્રુડ ઓઇલના ભાવમાં જોરદાર કડાકો બોલાયો હતો અને યુદ્ધનો અંત આવી જવાની પુરેપુરી સંભાવના પ્રર્વતતા વૈશ્વિક બજારોમીં જોરદાર ઉછાળો આવ્યો હતો. ખાસ કરીને અમેરિકન બજારો વિક્રમી ઉંચાઇએ પહોંચ્યા હતા. જોકે, આ અહેવાલથી અમેરિકન બજારો ઉછળ્યા બાદ અન્ય વૈશ્વિક બજારોમાં પણ તેજીનો દોર જોવા મળી શકે છે અને સેન્સેક્સ અને નિફ્ટી પણ ઐતિહાસિક સપાટી તરફ આગેકૂચ કરશે. અમેરિકન બજારોમાં એસ એન્ડ પી 500 અને નાસ્ડેક સતત ત્રીજા દિવસે ઉંચા સ્તરે બંધ રહ્યા હતા. બંને સુચકાંકોએ અગાઉના રેકોર્ડ તોડી નાંખ્યા છે. જ્યારે ડાઉ જોન્સ પણ ફેબ્રુઆરી પછીના ઉચ્ચત્તમ સ્તરે પહોંચી ગયા છે. રોકાણકારોને હોર્મુઝ સ્ટ્રેટ ખોલવાની ઇરાનની જાહેરાત પછી અમેરિકન બજારોમાં તેજીનો દોર જોવા મળ્યો હતો. રોકાણકારોને આશા છે કે યુએસ અને ઇરાન વચ્ચે ટુંકસમયમાં કાયમી યુદ્ધ વિરામ થશે. જોકે, આ ઘટનાને ચોવીસ કલાક પણ થયા નથી, ત્યારે ઇરાને અમેરિકાએ સમાધાનની ફોર્મ્યુલાનું ઉલ્લંઘન કર્યુ તેમ જણાવીને ફરીથી હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરી દઇને ખેલ પાડી દીધો છે. ઇરાનના આ ખેલથી ક્રુડ ઓઇલના ભાવમાં ફરીથી તેજી આવી શકે છે. અને જે રાતના જહાજો નીકળ્યા તે પસાર થઇ ગયા છે, પણ નવા જહાજોની અવનજવન બંધ થઇ ગઇ છે. આમ છતાં, રોકાણકારોને વિશ્વાસ છે કે નાની નાની અડચણો ચાલુ રહેશે પણ હવે ઇરાન-અમેરિકા વચ્ચે વાટાઘાટાથી રસ્તો નીકળશે અને યુદ્ધનો અંત આવશે, તેવો આશાવાદ વચ્ચે શેરબજારોમાં ગત સપ્તાહમાં સુધારાની ચાલ જોવા મળી છે. જે આવનારા દિવસોમાં તેજીની રફતાર પકડશે. ભારતીય શેરબજારની વાત કરીએ તો ક્રુડ ઓઇલના ભાવ ઘટતા મોંઘવારી ફરીથી કાબુમાં આવી જશે અને જે આ કવાર્ટરની કમાણીમાં થોડીક અસર વર્તાશે, બાકી સકારાત્મક વલણ સાથે ગ્રોથ જોવા મળશે. જેથી હાલમાં અમેરિકન બજારોમાં તેજી ચાલી રહી છે, જેમાં હવે ભારતીય શેરબજારોનો વારો આવશે અને સેન્સેક્સ-નિફ્ટી નવી ઉંચાઇ હાંસલ કરશે. ભારતીય શેરબજારમાં સતત બીજા સપ્તાહે તેજી રીકવરી જોવા મળ છે. આ સતત બીજા સપ્તાહમાં વધારો છે. આ સપ્તાહે સેન્સેક્સ-નિફ્ટીમાં એક-એક ટકાનો વધારો જોવાયો હતો. જ્યારે ગત સપ્તાહે છ ટકાનો વધારો થયો હતો. ભારતીય શેરબજારમાં પણ સેન્સેક્સ-નિફ્ટી સર્વકાલીન ઉંચાઇ તરફ આગેકૂચ કરતા જોવા મળ્યા હતા. નિફ્ટી આ વર્ષે જાન્યુઆરીએ તેના સર્વકાલીન ઉચ્ચ સ્તર પર પહોંચ્યો હતો, તે 26328 પોઇન્ટ પર બંધ થયો હતો. જોકે, પછીથી તેમાં ઘટાડો થયો છે. હાલમાં નિફ્ટી 2000 પોઇન્ટ એટલે કે સર્વકાલીન સપાટીએથી 7 ટકા નીચે છે, જ્યારે સેન્સેકેસ 7000 પોઇન્ટ એટલે કે સર્વકાલીન ઉચ્ચસ્તરથી 8 ટકા નીચે છે.

15G/15Hને બદલે હવે ફોર્મ-121

A.Y.2026-27 યાને કે નાણાંકિય વર્ષ 2025-26 સુધી TDS કપાત નહિ કરવા માટે વ્યાજ ચૂકવનારને ફોર્મ 15G/15H આપવામાં આવતું હતું. ખાસ કરીને બેંકો ફિકસ ડિપોઝીટ ઉપર વ્યાજ માંથી TDS નહિ થાય એટલા માટે 1લી એપ્રિલથી ફોર્મ 15G/15H લેવાની તૈયારીઓ આરંભે છે અને એ મુજબ સોફટવેરમાં આખા વર્ષ દરમ્યાન એફડી ઉપર વ્યાજ જમા થાય ત્યારે આપોઆપ ટીડીએસ કપાતો નથી. 21.3.2026 સુધી આ પ્રમાણે ચાલતું હતું. વળી આ સમયગાળા દરમ્યાન સિનીયર સીટીઝન અને સામાન્ય નાગરિક (60 વર્ષની નીચે) તથા HUF વિગેરે માટે બે અલગ અલગ ફોર્મ 15H અને 15G હતા હવે 1.4.26થી એક જ ફોર્મ નં. 121 અમલમાં રહેશે. વળી અગાઉના આ બંને ફોર્મમાંઅલગ અલગ શબ્દો હતા જેમાં સિનીયર સીટીઝન માટે જે વ્યકિતને કે બેંકને આ ફોર્મ આપવામાં આવે છે તેના તરફથી મળતી આવક ખાસ કરીને વ્યાજ આવક કરમુકત લીમીટથી વધારે હોય પરંતુ એની અંદાજિત લીમીટથી વધારે હોય પરંતુ એની અંદાજિત કુલ આવક ઉપર ટેક્ષ શૂન્ય આવતોહોય તો સિનીયર સીટીઝન આ ફોર્મ આપી શકે છે.

શું તફાવત છે નવા અને જૂના ફોર્મમાં?

અગાઉના 15G અને 15Hના ફોર્મમાં જે બેંકમાંથી વ્યાજની આવક કરતા લીમીટથી વધુ હોય તો સિનીયર સીટીઝન સિવાયની વ્યકિતઓ આ ફોર્મ આપી શકતી નથી. જે પ્રાવધાન આ નવા ફોર્મમાં ચાલુ રાખવામાં આવ્યું છે.

ટેક્સ ટ્વિટર
વિરેશ રૂદલાલ

પ્રશ્નઃ એક દાખલો આપી સમજાવીએ તો એક બેંકમાં વ્યકિતની વ્યાજની આવક 4.60 લાખ છે તો એ ફોર્મ 15G કે નવું ફોર્મ121 આપી શકે?

જવાબઃ હવે નવા ફોર્મમાંપણ એ સ્પષ્ટતા નથી કે તે વ્યકિત (60 વર્ષની નીચેની ઉંમર) જૂની ટેક્ષ સીસ્ટમમાં રીટર્ન ભરશે કે નવી ટેક્ષ સીસ્ટમમાં કારણ કે જૂની ટેક્ષ સીસ્ટમમાં 2.50 લાખની લીમીટ છે જ્યારે નવી ટેક્ષ સીસ્ટમમાં 4 લાખની લીમીટ છે. સ્વાભાવિક રીતે 4 લાખની ગણતરી કરીને ભરવાનું રહેશે. વ્યાજ આવક 4.60 લાખ છે તેથી ભરી શકાશે નહિ.

પ્રશ્નઃ ઉપરના દાખલામાં સિનીયર સીટીઝન સિવાયની વ્યકિતની આવક 4 લાખથી ઓછી હોય પરંતુ રીબેટને પાત્ર આવક 12 લાખથી ઓછી હોય તો 15G ભરી શકે?

જવાબઃ હા ભરી શકે.

પ્રશ્નઃ ઉપરના દાખલામાં સિનીયર સીટીઝનની વ્યાજ આવક 4.60 લાખથી વધુ છે પરંતુ એની બીજી આવક મળીને 12 લાખની અંદર છે તો ફોર્મ 121 આપી શકે. અન્ય કોણ આ ફોર્મઆપી શકે?

જવાબઃ હા, અગાઉના ફોર્મ મુજબ આ તફાવત ચાલુ રાખ્યો છે.

જવાબઃ ટ્રસ્ટ અને એચયુએફ પણ ફોર્મ 121 આપી શકશે. ટ્રસ્ટ AOP કેટેગરીમાં હોય તો જ આપી શકશે.

વધુમાં ફોર્મ 121માંકરદાતાના છેલ્લા બે વર્ષના ભરેલ રીટર્નની વિગતો માંગી છે.

આશ્ચર્યકારક રીતે કરદાતાની વિગતો ઉપરાંત આવું વ્યાજ, ડિવિડન્ડ કમિશન ચૂકવનારનો કોન્ટેકટ નંબર, યુએનઆઇ નંબર, જન્મ તારીખ, ડેકલેરેશન મળ્યા તારીખ વિગેરે વધુમાં જણાવવાનું છે.

આઇસીઆઇસીઆઇ બેન્કે 8 ટકા અને એચડીએફસી બેન્કે 9 ટકા નફો કર્યો

આઇસીઆઇસીઆઇ બેન્કે રૂ.12 અને એચડીએફસી બેન્કે રૂ. 13 ડિવિડન્ડની જાહેરાત કરી

મુંબઇ, તા. 18: પ્રાઇવેટ સેકટરની બે અગ્રણી બેન્કોના માર્ચ કવાર્ટરના પરિણામ જાહેર થયા છે. બંને બેન્કોના પરિણામમાં નજીવો તફાવત રહ્યો છે. જેમાં આઇસીઆઇસીઆઇ બેન્કના માર્ચ કવાર્ટરમાં ચોખ્ખો નફો 8.5 ટકા વધીને રૂ. 13701.68 કરોડનો થયો છે. જ્યારે બેન્કની આવક 2 ટકા વધીને રૂ. 50584.38 કરોડની થઇ છે. જ્યારે એચડીએફસી બેન્કના માર્ચ કવાર્ટરમાં 9 ટકા નફો વધીને રૂ. 19221.05 કરોડનો થયો છે. અને આવક સ્થિર રહીને રૂ. 89808.90 કરોડની થઇ છે.

એચડીએફસી બેંકે શેરબજારોને માહિતી આપી હતી કે માર્ચ 2026 ક્વાર્ટરમાં તેની કુલ વ્યાજ આવક રૂ. 76610.02 કરોડ હતી. ચોખ્ખી વ્યાજ આવક 3.8 ટકા વધીને રૂ. 33281.5 કરોડ થઇ હતી, આઇસીઆઇસીઆઇ બેંકે શેરબજારોને માહિતી આપી હતી કે માર્ચ 2026 ક્વાર્ટરમાં તેની કુલ સ્ટેન્ડઅલોન વ્યાજ આવક રૂ.43275.39 કરોડ હતી. ચોખ્ખી વ્યાજ આવક 8.4 ટકા વધીને રૂ. 22979.2 કરોડ થઇ હતી. માર્ચ 2026 ક્વાર્ટરમાં ચોખ્ખી વ્યાજ માર્જિન 4.32 ટકા હતું.

બંને બેન્કોના એનપીએની વાત કરીએ તો માર્ચ 2026માં આઇસીઆઇસીઆઇ બેન્કની સંપત્તિમાં સુધારો થયો હતો. ગ્રોસ એનપીએ 1.40 ટકા રહ્યો હતો, જે અગાઉના વર્ષે 1.67 ટકા હતો. જ્યારે ચોખ્ખો એનપીએ ઘટીને 0.33 ટકા રહ્યો હતો, જે અગાઉના વર્ષે 0.39 ટકાનો હતો. તેવી જ રીતે એચડીએફસી બેન્કમાં એનપીએ 1.15 ટકા રહ્યો હતો, જે અગાઉ 1.33 ટકા હતો. જ્યારે ચોખ્ખો એનપીએ 0.38 ટકા રહ્યો હતો, જે અગાઉ 0.43 ટકા હતો.

એચડીએફસી બેન્કના બોર્ડે નાણાકીય વર્ષ 2026 માટે પ્રતિ શેર રૂ. 13ના અંતિમ ડિવિડન્ડની મંજુરી આપી છે, જેની રેકોર્ડ ડેટ 19 જુન છે. બેન્કે અગાઉ રૂ. 2.50ના વિશેષ ડિવિડન્ડની જાહેરાત કરી હતી. દ્રઆકે આઇસીઆઇસીઆઇ બેન્કે પ્રતિ શેર રૂ. 12 ડિવિડન્ડની મંજુરી આપી છે.

ભારતીય જહાજો માટે સ્વદેશી વીમા પૂલ

ભારત મેરીટાઇમ ઇન્સ્યુરન્સ પૂલને સરકારની મંજૂરી

રૂ. ૧૨૯૦૦ કરોડની સોવેરિન ગેરંટી સાથેનો આ ઇન્સ્યુરન્સ પુલ ભારતીય માલવાહક જહાજોને સમુદ્રી જોખમો સામે વીમા કવચ પુરું પાડશે

નવી દિલ્હી, તા. ૧૮(PTI): કેન્દ્રીય કેબિનેટે શનિવારે દરિયાઈ વીમા કવરેજની સતત સુવિધા પૂરી પાડવા માટે રૂ. ૧૨,૯૮૦ કરોડની સોવરિન ગેરંટી સાથે 'ભારત મેરિટાઇમ ઇન્શ્યોરન્સ પૂલ' (BMI પૂલ) નામના સ્થાનિક વીમા પૂલની રચનાના પ્રસ્તાવને મંજૂરી આપી છે, તેમ એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ સ્થાનિક વીમા પૂલ વૈશ્વિક અસ્થિરતા અને ભૂરાજકીય અસ્થિરતાના પ્રશ્નોને હલ કરે છે તેમજ ભારતીય જહાજોની વિદેશી વીમા પરની નિર્ભરતા ઘટાડે છે.

આ પૂલ હલ એન્ડ મશીનરી, કાર્ગો પરના જોખમો, P|I અને યુદ્ધના જોખમ જેવા તમામ દરિયાઈ જોખમોને આવરી લે છે. તે કોઈ પણ આંતરરાષ્ટ્રીય સ્થાનેથી ભારતીય બંદરો પર આવતા અને ભારતથી વિદેશ જતા માલવાહક જહાજોને સુરક્ષા આપે છે, પછી ભલે તે જોખમી દરિયાઈ માર્ગો પરથી પસાર થતા હોય એમ તેમ તેમાં ઉમેરવામાં આવ્યું હતું. નિવેદનમાં જણાવાયું છે કે આ પૂલ એ બાબત સુનિશ્ચિત કરશે કે ભારતીય વેપારને પોસાય તેવા દરે વીમો મળતો રહે. વધતી જતી વૈશ્વિક અસ્થિરતા અને ભૂરાજકીય તણાવને કારણે દરિયાઈ વેપાર પ્રભાવિત થયો છે, જેનાથી કાર્ગો અને જહાજોના નુકસાનનું જોખમ વધ્યું છે અને વીમા ખર્ચમાં વધારો તેમજ વીમાની ઉપલબ્ધતામાં અનિશ્ચિતતા આવી છે.

વધુમાં, તેલ પ્રદૂષણની જવાબદારી, જહાજના ભંગારને હટાવવા, માલસામાનનું નુકસાન, ક્રૂની ઈજા અને ટકરાવની જવાબદારીઓ જેવા ત્રીજા પક્ષના વીમા માટે ભારતીય જહાજો 'ઇન્ટરનેશનલ ગ્રુપ ઓફ પ્રોટેક્શન એન્ડ ઇન્ડેમ્નિટી' (IGP|I) ક્લબ પર વધુ પડતા નિર્ભર છે. તદનુસાર, નિવેદનમાં જણાવાયું હતું કે આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો અથવા ભૂરાજકીય તણાવને કારણે જો વીમા કવરેજ પાછું ખેંચી લેવામાં આવે, તો પણ વેપારની સ્વાયત્તતા અને સાતત્ય જળવાઈ રહે તે માટે સ્થાનિક દરિયાઈ જોખમ પૂલની જરૂરિયાત હતી.

મૃત્યુ પામેલ વ્યક્તિની તેના મૃત્યુ પછી આકારણી થઇ શકે નહીં ના. અલ્હાબાદ હાઇકોર્ટનો અગત્યનો ચૂકાદો

GST હેઠળ... કોઇ વ્યક્તિનું મૃત્યુ થાય તે પછી પણ તેની હયાતિ દરમ્યાન કરવામાં આવેલ વ્યવહારો અંગે ભરવાપાત્ર GSTની જવાબદારી યથાવત રહે છે. કાયદાની આવી જોગવાઇ છતા મૃત્યુ પામેલ વ્યક્તિની... તેના મૃત્યુ પછી આકારણી થઇ શકે નહીં. અને... કાયદા હેઠળ તેવી આકારણી તેના કાયદેસરના વારસોને સાંભળ્યા બાદ જ થઇ શકે એવો અગત્યનો ચૂકાદો તાજેતરમાં ના. અલ્હાબાદ હાઇકોર્ટે આપ્યો છે. ખેર! ના. અલ્હાબાદ હાઇકોર્ટના મે. પી.બી. શેઠી પ્લાસ્ટીકસ વિ. સ્ટેટ ઓફ યુપી રીટ ટેક્ષ નં. 357/2026ના તા. 4.2.26ના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો...

હકીકત...

મે. પી.બી. શેઠી પ્લાસ્ટીકસ માલિકી પેઢી હતી જેના માલિકનું તા. 21.7.20ના રોજ મૃત્યુ થયેલ હતું. માલિકના મૃત્યુ બાદ... પેઢીનો GST કાયદા હેઠળનો નોંધણી નંબર રદ કરવા અરજી કરવામાં આવી અને અરજીના અનુસંધાને પેઢીની નોંધણી તા. 7.10.20ના ઓર્ડરથી રદ કરવામાં આવી. પેઢીની કલમ 73 હેઠળ આકારણી કરવા માટે તા. 21.9.23ના રોજ કારણદર્શક નોટિસ બજાવવામાં આવી અને ત્યારબાદ કલમ 73 હેઠળ તા. 20.12.23નો માંગણું ઊભું કરતો આદેશ પસાર કરવામાં આવ્યો. આ આદેશ સામે અપીલ કરવામાં આવી પરંતુ... સમયમર્યાદા બહારના કારણે અપીલ નામંજૂર થતા વારસદાર દ્વારા ના. હાઇકોર્ટ સમક્ષ રીટ પીટીશન ફાઇલ કરવામાં આવી.

કાયદાની કેડીએ...
ઇશ્વર રૂદલાલ

દલીલ...

અરજદારના વિદ્વાન કાઉન્સેલે રજૂઆત કરતા જણાવ્યું કે પેઢી માલિકી પેઢી હતી અને માલિકના મૃત્યુ પછી કલમ 73 હેઠળ પસાર કરવામાં આવેલ આદેશ કાયદેસર ટકી શકે નહીં. આવા સંજોગોમાં મૃત વ્યક્તિના કાયદેસરના વારસને કલમ 73 હેઠળ કારણદર્શક નોટિસ આપીને કાર્યવાહી કરવી જોઇતી હતી. આ માટે આજ હાઇકોર્ટના અમીતકુમાર શેડિયાના તા. 2.4.25ના ચૂકાદા પર આધાર રાખવામાં આવ્યો.

ચૂકાદો...

ના. હાઇકોર્ટે ચૂકાદો આપતા નોંધ્યું કે પીટીશનમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે તેમ પેઢીના માલિકનું મૃત્યુ થતાં રજીસ્ટ્રેશન રદ કરવા માટે અરજી કરવામાં આવી હતી અને રજીસ્ટ્રેશન રદ કરતો આદેશ તા. 7.10.20ના રોજ કરવામાં આવ્યો હતો. તો મૃત્યુ પામેલ વ્યકિત સામે આદેશ ન થઇ શકે તેમ આ હાઇકોર્ટના અમિતકુમાર શેઠિયાના ચૂકાદાથી ઠરાવવામાં આવેલ છે. ના. હાઇકોર્ટના મતે વસૂલાતની જોગવાઇ છે ત્યારે આવા વારસદારને કારણદર્શક નોટિસ બજાવવી ફરજિયાત છે અને તેમને સાંભળીને માંગણું નક્કી કરી શકાય... આ કેસનાં વારસદારને નોટિસ આપી સાંભળ્યા વગર મૃત વ્યક્તિ સામે પસાર કરવામાં આવેલ આદેશ તથા અપીલ નામંજૂર કરતો આદેશ ગેરકાયદેસર ઠેરવી ના. હાઇકોર્ટે રદ કર્યા. અલબત્ત આમ છતાં... અધિકારી કાયદા અનુસાર કાર્યવાહી કરી શકે છે એમ વધુમાં ઠરાવ્યું.

ગોલ્ડ બોન્ડમાં રોકાણકારોની 'લોટરી'

ગોલ્ડ બોન્ડમાં એક લાખના રોકાણ સામે રૂ. 3.05 લાખ મળશે

5 વર્ષમાં મૂડી સીધી ત્રણ ગણી, 205% ના બમ્પર રિટર્ન સાથે રિડમ્પશન!

નવી દિલ્હી, તા. 18: રિઝર્વ બેન્કે સોવરિન ગોલ ડ બોન્ડ 2020-21 સિરીઝ 7 માટે રિડમ્પશન કિંમતની જાહેરાત કરી છે. આ બોન્ડ 20 ઓકટોબર 2020ના રોજ જારી કરવામાં આવ્યા હતા અને રોકાણકારો 20 એપ્રિલ, 2026થી રિડીમ કરી શકે છે.આરબીઆઇ અનુસાર, સોવરિન ગોલ્ડ બોન્ડને જારી કર્યાના પાંચ વર્ષ પછી વ્યાજ ચુકવણીની તારીખે અકાળે રિડીમ કરવાની મંજુરી છે.

આ ગોલ્ડ બોન્ડની રિડમ્પશન કિંમત 999 શુદ્ધતા સોનાના સરેરાશ બજાર ભાવ પર આધારિત છે.

ઇન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસીએશન દ્વારા પ્રકાશિત કરાયેલા છેલ્લા ત્રણ કાર્યકારી દિવસોના સરેરાશ બંધ ભાવ લેવામાં આવે છે., જે 15થી 17ના ભાવોના આધારે નક્કી કરવામ આવ્યા છે. જેથી આરબીઆઇએ આ સિરીઝ માટે રિડમ્પશનની કિંમત રૂ. 15254 પ્રતિ યુનિટ નક્કી કરી છે.

જે માટે ગોલ્ડ બોન્ડની કિંમત 2020માં રૂ. 5001 નક્કી કરાઇ હતી. જે હાલની ઉપજ કિંમત રૂ. 15254 નક્કી કરાઇ હોવાથી 10253નો નફો થાય છે. જે લગભગ 205 ટકાનું વળતર મળે છે. જેને સરળ ભાષામાં કહીએ તો જે ગોલ્ડ બોન્ડમાં રોકાણકારોએ રૂ. એક લાખનું રોકાણ કર્યુ હોય તેને રૂ. 3.05 લાખ મળશે. સોવરિન ગોલ્ડ બોન્ડ એ સરકાર દ્વારા જારી કરાયેલી એક સુરક્ષા છે. જે ગ્રામ સોનામાં દર્શાવવામાં આવે છે, તેને ભૌતિક સોનુ ખરીદવાનો સલામત વિકલ્પ માનવામાં આવે છે. રોકાણકારોને સોનુ ખરીદવાની કે રાખવાની જરૂર નથી, પણ તેના બદલે સોનાના ભાવમાં વધારાનો લાભ મળે છે. સોવરિન ગોલ્ડ બોન્ડ પર રોકાણકારોને વાર્ષિક 2.5 ટકાનો નિશ્ચિત વ્યાજ મળે છે. જે દર છ મહિને તેમના બેન્ક ખાતામાં જમા થાય છે. જે પરિકવતા પર મુખ્ય રકમ અંતિમ વ્યાજ સાથે ચુકવવામાં આવે છે.

યસ બેંકનો 'યસ' માર્ક: ચોખ્ખો નફો 45% ઉછળી 1068 કરોડે

મુંબઇ, તા. 18: ખાનગી ક્ષેત્રની યસ બેંકનો ચોખ્ખો નફો માર્ચ 2026 ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે 44.7 ટકા વધીને રૂ.1068.42 કરોડ થયો. એક વર્ષ પહેલા નફો રૂ.738.12 કરોડ હતો. કુલ સ્ટેન્ડઅલોન આવક રૂ.9381.07 કરોડ પર સ્થિર રહી, જે માર્ચ 2025 ક્વાર્ટરમાં રૂ.9355.39 કરોડ હતી. બેંકે શેરબજારોને માહિતી આપી હતી કે માર્ચ 2026 ક્વાર્ટરમાં તેની કુલ વ્યાજ આવક રૂપિયા 7650.90 કરોડ રહી છે, જે એક વર્ષ પહેલા રૂ. 7616.13 કરોડ હતી. ચોખ્ખી વ્યાજ આવક 16 ટકા વધીને રૂ. 2637.7 કરોડ થઇ છે, જે માર્ચ 2025 ક્વાર્ટરમાં રૂ. 2276.3 કરોડ હતી. ચોખ્ખી વ્યાજ માર્જિન 2.7 ટકા રહ્યું છે, જે માર્ચ 2025 ક્વાર્ટરમાં 2.5 ટકા હતું. જાહેર શેરધારકો યસ બેંકના 100 ટકા હિસ્સા ધરાવે છે. માર્ચ 2026 ક્વાર્ટરમાં યસ બેંકની સંપત્તિ ગુણવત્તામાં વધુ સુધારો થયો. બેંકનો ગ્રોસ એનપીએ રેશિયો ઘટીને 1.3 ટકા થયો, જે એક વર્ષ અગાઉ 1.6 ટકા હતો. તેવી જ રીતે, ચોખ્ખો એનપીએ રેશિયો પણ ઘટીને 0.2 ટકા થયો, જે માર્ચ 2025 ક્વાર્ટરમાં 0.3 ટકા હતો. નાણાકીય વર્ષ 2026 દરમિયાન, બેંકે સ્ટેન્ડઅલોન ધોરણે રૂ. 36928.17 કરોડની કમાણી કરી, જેમાં રૂ. 3475.59 કરોડનો ચોખ્ખો નફો થયો.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

આમલકી રસાયન

પૂજ્ય બાપાજીની રીત જુઓ. સારા પરિપક્વ આમળા સ્ટીલની છરીથી છોલી લીંબુના રસમાં ઉછાળી, કપડા પર પાથરી સૂકવી લો. તેનું ચૂર્ણ કરો. પાકા આમળા દૂધની વરાળથી ઢોકળા જેમ બાફી, ઠળિયાં કાઢી કપડાં પર સૂકવી લો. ચૂર્ણ કરવું. આ ચૂર્ણને સ્ટેનલેસ સ્ટીલની ખરલમાં લઇ ઉપર તાજા આમળાનો રસ ઉમેરતાં જઇ ખરલ કરતા રહો . સુકાવા આવે એટલે નવો રસ ઉમેરતાં રહેવું. બને તેટલી વધુ રસની ભાવના આપી છેવટે સૂકવી લેવું. નવજીવન આપનાર આ રસાયણ રોજ એક એક ગ્રામ સવાર સાંજ દૂધ અથવા મધ સાથે લેવાથી શક્તિદાયક વાજીકરણ છે.

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂા.	૭૫/૩૬ ''	૧૩૨	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૬૪.૫	૫૦/૩૬ ''	૧૪૪	૮૦/૭૨ બ્લેક રોટો	૧૪૩
૩૦/૩૬ એફડી	૨૭૨	૫૦/૪૮ SD/ક્રેપ	૨૩૦	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૩૭
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૧	૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૫	૩૦/૧૪ ક્રિમ્પ	૧૪૨
૬૮/૩૬	૧૪૦	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૪
૭૨/૩૬ ક્રિમ્પ	૧૩૮	૧૦૦ ટેક્ષ	૧૩૪	૬૮ ક્રિમ્પ	૧૪૧
૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૩	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૩૯
૮૪/૪૮ ક્રિમ્પ	૧૩૪	૮૦/૭૨ રોટો	૧૩૮.૫	૭૫ ક્રિમ્પ	૧૩૮
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૪૯	૮૦ ક્રિમ્પ	૧૩૫
૮૦/૭૨ રોટો.	૧૩૬.૫	૧૬૦ ડીસ્કેટ	૧૪૯	૮૦/૭૨ રોટો	૧૩૮
૮૦/૩૬ રોટો.	૧૩૭.૫	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૨૯	૮૦/૧૦૮ ''	૧૩૬	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૩૭

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૮૦	કોપરેલ	૫૪૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૯૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફ્લાવર	૨૬૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૬૬૦	તલતેલ	૪૮૫૦
કપાસીયા (૧૫ લિ.)	૨૪૨૦	દિવેલ	૨૪૮૦
કપાસીયા (૫ લિ.)	૮૭૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૮૫૦		

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૫૭૯૦૦
તેજાબી સોનું	૧૫૭૮૧૦
દાગીના-૨૨ કેરેટ	૧૫૦૦૦૫
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૫૪૭૪૦
સોનાનાં બિસ્કીટ	૧૫૭૯૦૦૦
ચાંદી (૯૯૯)	૨૬૪૨૦૦
ચાંદી સિક્કા	૨૬૫૭૦૦

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-30 (ભરવાલાયક)	૪૪૦૦
એમ-30	૪૩૫૦
એસ-30	૪૨૫૦
ગુજરાત	
એમ-30	૪૨૫૦
એસ-30	૪૧૫૦

આજનું પંચાંગ

તા. 19/04/2026, રવિવાર
વિક્રમ સંવત : 2082 **શાકે** : 1948
વીર સંવત : 2552 **માસ** : વૈશાખ **તિથિ:** સુદ બીજ : 10:51 પછી અખાત્રીજ
અયન : ઉત્તરાયન **ઋતુ** : વસંત **રાષ્ટ્રિય દિનાંક** : ચૈત્ર: 29 **યોગ** : આયુષ્યમાન
કરણ: તૈતિલ **નક્ષત્ર** : ભરણી:7:11 પછી કૃતિકાનો ક્ષય છે **રાશિ:** મેષ (અ.લ.ઇ.) 12:32 પછી વૃષભ (બ.વ.ઉ.) **દિવસ** : અશુભ - અક્ષયતૃતિયા-શ્રી બદરી કેદાર યાત્રા, પરશુરામ જયંતી-શ્રી બસવેશ્વર જયંતીકલ્પાદિ, શુક્ર વૃષભમાં 15:48થી **સુરતમાં સૂર્યોદય** : 06:18
સુરતમાં સૂર્યાસ્ત : 18:57 **નવકારસી** : 07:06
પારસી વર્ષ : 1395 આદર માસનો 08મો રોજ
મુસલમાન વર્ષ : 1447 જિલ્કાદ માસનો પ્રથમ રોજ
દિવસનાં ચોઘડિયાં: ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ
રાત્રિનાં ચોઘડિયાં: શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ
રાહુ કાળ : સવારે 16:30 થી 18:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): રોમેન્ટીક, ક્રિએટીવ અને રંગીન મુડ રહે. પ્રેમમાં રોમેન્ટીક મુલાકાત થાય. ખાણી-પીણી મોજ શોખના ધંધામાં લાભ.

વૃષભ (બ,વ,ઉ,): મોજ-શોખ પાછળ ખર્ચા વધશે. પ્રવાસમાં સાવધાન રહેવું. નવા ફેરફારથી બોજ વધશે.

મિથુન (ક,છ,ઘ,): નોકરીમાં પ્રમોશન થાય. ધંધામાં આવક વધે. મિત્રો સાથે મનોરંજન થાય.

કર્ક (ડ,હ,): નવા ફેરફારથી કામકાજનો બોજ ઓછો થાય. વિજાતિય મિત્રો સાથે ગેરસમજ પેદા થાય.

સિંહ (મ,ટ,): મિત્રો વગેરે સાથે ધાર્મિક પ્રવાસ થાય. નોકરી-ધંધામાં અનુકૂળતા રહે. આવક વધે.

કન્યા (પ,ઠ,ણ,): આરોગ્ય નરમ રહે. ખર્ચા વધશે. વિદેશથી શુભ સમાચાર આવે. ધર્મકર્મ થાય.

તુલા (ર,ત,): ભાગીદારીથી લાભ થઇ શકે છે. સ્ત્રી મિત્રોથી સાવધાન. સમાજમાં સાવધાન રહેવું.

વૃશ્ચિક (ન,ય,): આરોગ્ય નરમ રહે. માનસિક અશાંતિ સતાવે. જીવન સાથી સાથે ઘર્ષણ થાય.

ધન (ભ,ધ,ફ,ઢ,): પ્રેમમાં સાથ મળે. રંગીન મુલાકાત થાય. સંતાન ચિંતા હળવી થાય. આવક કરતા ખર્ચા.

મકર (ખ,જ,): જમીન-મકાન વાહન બાબતે પ્રગતિ થાય. નોકરીમાં મદદ મળે. સંતાનોનાં કામ પાર પડે.

કુંભ (ગ,સ,શ,ષ,): પ્રવાસ, શિક્ષણ, દલાલી, ટ્યુશન વગેરે કામમાં લાભ થાય. આવક વધશે.

મીન (દ,ચ,ઝ,થ,): માર્કેટીંગ, ખાણી-પીણી, મોજશોખના ધંધામાં લાભ થાય. પ્રવાસમાં સાવધાન રહેવું.

કોઇ પણ સાલમાં 19 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહ અને નિરાશામાં પસાર થશે. આવક બાબતે ભીંસ વધે.ઉઘરાણીની ચિંતા રહે. આરોગ્ય નરમગરમ રહે. નોકરી-ધંધામાં હરીફો સતાવે. સમાજમાં સામાન્ય રહે. ટેકનોલોજી અને સરકારની નવી નીતિ પ્રમાણે કામ કરવું પડે. સરકારી કામ, કોર્ટ-કચેરીમાં વિલંબ થાય. નોકરી-ધંધા-વ્યવસાયમાં સ્થાનફેર અને નવા સોદા કે નવા વ્યવહાર બાબતે પ્રતિકૂળતા રહે. નવા ઘર, વાહન, મકાનનું કામ શરૂઆતમાં પાર પડશે. ઉંમરલાયકના વિવાહના ખર્ચા વધશે. વિદેશનાં કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓને તક મળે. વારસા, જાયદાદ જમીન વગેરેમાં વિઘ્નો આવે. સંતાનોના કામ કેરીયર અભ્યાસમાં સામાન્ય રહે. મિત્રો-વડીલોની મદદ અવારનવાર મળતી રહેશે. યાત્રા-પ્રવાસ, ધર્મકર્મથી શાંતિ મળે. જુલાઇ-ઓગસ્ટ, રવિ-સોમવાર, 01,10, 28 તારીખે નવા કામ કરતા રહેવું. સોનેરી, કથઇ ભૂરા રંગનો ઉપયોગ કરતાં રહેવું. નવેમ્બર-ડિસેમ્બર શુક્ર-શનિવાર, 07,16,25 તારીખે નવા કામ ટાળવાં. શ્યામ રંગનો ઉપયોગ ટાળવો.

પશ્ચિમ રેલવે

મુંબઈ ડિવિઝન પર "ટુ-વ્હીલર અને તમામ વાહનો પે એન્ડ પાર્ક"નું સંચાલન

ડિવિઝનલ રેલવે મેનેજર, કોમર્શિયલ વિભાગ, પાર્કિંગ સેક્શન, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008.

હરાજી કેટલોગ નં.: BCT-PKG-2627-01	EMD- બિડ વેલ્યુના 10%
ઈ-હરાજીની તારીખ: 27-04-2026	ઈ-હરાજીનો સમય - 12:00 કલાકે

ક્રમ નં.	સ્ટેશન	લોકેશન	એરિયા (ચો.મી.)	ઈ-હરાજીની તારીખ
1	સુરત	હાઈ લેવલ	1577.56	27-04-2026
2	ડહાણુ રોડ	નોર્થઈસ્ટ	862.2	27-04-2026
3	ભિલાડ	વેસ્ટ	381.5	27-04-2026

નોંધ: વધુ વિગતો માટે, સંભવિત બિડર્સને IREPS વેબસાઇટ www.ireps.gov.in પર ઈ-હરાજી લીઝિંગ મોડ્યુલની મુલાકાત લેવા વિનંતી કરવામાં આવે છે. સાઇટ્સ અંગેની માહિતી ઉપર જણાવેલ કેટલોગમાં લોટની વિગતોમાં ઉપલબ્ધ છે. 0001

અમને લાઇક કરો : facebook.com/WesternRly • અમને ફોલો કરો : X.com/WesternRly

પશ્ચિમ રેલવે

LHB AC કોચનું રી-કેબલિંગ

ડેપ્યુટી ચીફ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (W), પશ્ચિમ રેલવે કેરેજ રિપેર વર્કશોપ, એન. એમ. જોશી માર્ગ, લોઅર પરેલ, મુંબઈ 400 013, ઈ-ટેન્ડર નોટિસ નંબર: EL/WA/PL/2022-23/17R2 તારીખ: 15.04.2026 આમંત્રિત કરે છે. કાર્યનું નામ: વર્ષ 2003 અને 2004માં નિર્મિત વિવિધ પ્રકારના LHB AC કોચનું રી-કેબલિંગ, જે આઇટમાઇઝ્ડ RSP 2022-23 હેઠળ મંજૂર કરવામાં આવ્યું છે, કાર્યના વ્યાપ અને દરના સમયપત્રક મુજબ, જથ્થો: 21 કોચ. કાર્યની અંદાજિત કિંમત: ₹48,21,246.36. EMD: ₹96,400/-. ટેન્ડર સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમય: 06.05.2026ના રોજ 12:00 કલાક સુધી. ટેન્ડર ખોલવાનો સમય: 06.05.2026ના રોજ 12:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટની મુલાકાત લો: www.ireps.gov.in 0003

અમને લાઇક કરો : facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે ખાસ ટ્રેનો ચલાવશે

ટ્રેન નંબર	મૂળ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન	સેવાની તારીખ	ઉપડવાનો સમય	પહોંચવાનો સમય
09085	મુંબઈ સેન્ટ્રલ - ઈન્દોર (એ.સી. સુપરફાસ્ટ)	20.04.2026 થી 29.05.2026	23:20 (સોમ અને શુક્ર)	13:00 (બીજા દિવસે)
09086	ઈન્દોર - મુંબઈ સેન્ટ્રલ (એ.સી. સુપરફાસ્ટ)	21.04.2026 થી 30.05.2026	17:00 (મંગળ અને શનિ)	07:10 (બીજા દિવસે)
સ્ટોપેજ : બોરીવલી, વાપી, સુરત, વડોદરા, દાહોદ, રતલામ અને ઉજ્જૈન સ્ટેશનની બંને દિશામાં				
રચના : ફર્સ્ટ AC, AC 2-ટાયર અને AC 3-ટાયર કોચીસ.				
09087	મુંબઈ સેન્ટ્રલ - અમદાવાદ (એ.સી. સુપરફાસ્ટ)	22.04.2026 થી 27.05.2026	23:20 (બુધવાર)	07:20 (બીજા દિવસે)
09088	અમદાવાદ - મુંબઈ સેન્ટ્રલ (એ.સી. સુપરફાસ્ટ)	23.04.2026 થી 28.05.2026	22:40 (ગુરુવાર)	07:10 (બીજા દિવસે)
સ્ટોપેજ : બોરીવલી, વાપી, સુરત અને વડોદરા સ્ટેશનની બંને દિશામાં				
રચના : ફર્સ્ટ AC, AC 2-ટાયર અને AC 3-ટાયર કોચીસ.				
09053	ઉધના - સાંત્રાગાછી	20.04.2026 અને 25.04.2026	11:25 (સોમ અને શનિ)	21:00 (બીજા દિવસે)
09054	સાંત્રાગાછી - ઉધના	22.04.2026 અને 27.04.2026	00:05 (બુધ અને સોમ)	10:00 (બીજા દિવસે)
સ્ટોપેજ: નંદરબાર, ભુસાવલ, બડનેરા, નાગપુર, ગોંદિયા, દુર્ગ, રાયપુર, બિલાસપુર, ઝારસુગુડા, રાઉરકેલા, ચક્રધરપુર, ટાટાનગર અને ખડગપુર સ્ટેશનની બંને દિશામાં				
રચના : સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચીસ				

સ્ટોપેજ, સ્ટોપના સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indiarail.gov.in.ની મુલાકાત લઇ શકો.

ટ્રેન નં. 09053નું બુકીંગ ખુલ્લું છે. જ્યારે ટ્રેન નં. 09085, 09086, 09087 અને 09088નું બુકિંગ 19.04.2026થી બધા PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેનો ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઇક અને ફોલો કરો
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને બધી આરક્ષિત ટિકટો માટે મૂળ ઓળખપત્ર સાથે રાખો